# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ

વિદ્યાસહાયક ભરતી કાર્યાલય, રંગમંચની બાજુમાં, સુવિધા કચેરીની પાછળ, સેક્ટર–૨૦, ગાંધીનગર.

## જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિની પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ – ગુજરાતી માધ્યમ) ની ભરતી અંગેની જાહેરાત વર્ષ:૨૦૨૬

**જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) ની સીધી ભરતી માટે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓના પ્રમાણમાં સંબંધિત જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ તેમજ વખતો વખતના સુધારા ઠરાવથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાતની જોગવાઈઓ અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE/૧૧–૨૦૧૬/SF-૬/K તા.૨૦/૦૧/૨૦૧૭ ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઇ અન્વયે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન–લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.**

| જગ્યા | જાહેરાત ક્રમાંક | વિભાગ | માધ્યમ | કુલ અંદાજિત જગ્યા |
|---|---|---|---|---|
| વિદ્યાસહાયક (વર્ગ – ૩) | ૦૧/૨૦૨૬ | ધોરણ ૧ થી ૫ | ગુજરાતી માધ્યમ | ૧૧૦૦૦ |

**શિક્ષણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૬ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે આ જાહેરાતમાં માત્ર કુલ જગ્યાઓ દર્શાવેલ છે. સરકારી પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકોના જિલ્લાફેર બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયેથી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર આધારિત ખાલી જગ્યાની વિગતો મેળવી જિલ્લાવાર તેમજ પ્રાથમિક શાળાવાર જગ્યાઓ પછીથી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.**

**ઉક્ત ૧૧૦૦૦ જગ્યાઓ પૈકી દિવ્યાંગજનો માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કર્યા મુજબની ૪ ટકા લેખેની જગ્યાઓ દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત પ્રથમ પ્રસંગે ન ભરાયેલ જગ્યાઓ પૈકી બીજા પ્રસંગ તરીકે દર્શાવવામાં આવનાર છે. જે જગ્યાઓ માટે સામાન્ય વહીવટ વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવમાં બીજા પ્રસંગમાં જણાવ્યા મુજબની પ્રક્રિયા હાથ ધરવામાં આવનાર છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.**

**વધુમાં ઉક્ત પત્રથી મળેલ મંજૂર અન્વયે હાલ જે ઉમેદવારો D.El.Ed. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં હોય અને ટેટ–૧ પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો હાલ ઉમેદવારી કરી શકશે. આવાં ઉમેદવારોના D.El.Ed. ના ગુણ તથા માર્કશીટ તેઓની D.El.Ed. નું પરિણામ પ્રસિધ્ધ થયેથી ઓનલાઇન ઉમેરવાની છૂટછાટ આપવામાં આવશે.**

**(૧) ભરતી અંગેનું ઓન–લાઇન અરજી પત્રક વેબસાઇટ** https://dpegujarat.in **ઉપર તા.૧૫/૦૪/૨૦૨૬ સવારના ૧૨:૦૦ કલાકથી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.**

**(૨) શૈક્ષણિક લાયકાત, પગાર–ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઇન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.**

**(૩) સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી છે. (જાહેર રજાના દિવસ સિવાય)**

**તા.૦૧/૦૪/૨૦૨૬**
**સ્થળ:–ગાંધીનગર**

**પી.કે.ત્રિવેદી**
**અધ્યક્ષ**
**ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ અને**
**પ્રાથમિક શિક્ષણ નિયામક,**
**ગુજરાત રાજ્ય ગાંધીનગર.**

સાદર રજૂ;

શિક્ષણ વિભાગના તા.૩૧–૦૩–૨૦૨૬નો પત્ર વંચાણે લેવા વિનંતી છે.

ઉક્ત પત્રથી ધોરણ ૧ થી ૫ માં વિદ્યાસહાયકોની ૧૧૦૦૦ જગ્યાઓ તાત્કાલિક જાહેરાત પ્રસિધ્ધ કરવા નીચેની શરતોને આધિન મંજૂરી આપવામાં આવેલ છે.

- ધોરણ–૧ થી ૫ માટે ૧૧,૦૦૦ જગ્યાઓ પર વિદ્યાસહાયકની ભરતી અંગેની જાહેરાત સત્વરે પ્રસિધ્ધ કરી ઓનલાઇન અરજીઓ મંગાવીએ. જેમાં જિલ્લાવાર તેમજ પ્રાથમિક શાળાવાર જગ્યાઓ પછીથી પ્રસિધ્ધ કરવામાં આવશે. તે અંગેની નોંધ કરીએ.
- ઓનલાઈન અરજી કરતી વખતે જે ઉમેદવારો વિદ્યાસહાયક તરીકેની લાયકાત ધરાવતા હોય તેવા ઉમેદવારો ઓનલાઈન અરજી કરી શકશે.
- વધુમાં, હાલ D.El.Ed ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતા હોય તેવા ઉમેદવારોને અરજી કરવા છુટ આપીએ. આવા ઉમેદવારોને ઓનલાઇન અરજીમાં D.El.Ed ની માર્કશીટ ઉમેરવાની છુટાછાટ આપીએ.
- દિવ્યાંગજનો માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કર્યા મુજબની ૪ ટકા લેખેની જગ્યાઓનો વિશેષ ઉલ્લેખ સામાન્ય ભરતીની ૧૧,૦૦૦ જગ્યાઓની જાહેરાતમાં કરીએ. જેમાં બીજો પ્રયત્ન એમ ખાસ નોંધીએ અને બીજા પ્રયત્ન મુજબ કામગીરી કરીએ.
- ભરતી જાહેરાત બાદ દર વર્ષની જેમ રાજ્યની સરકારી પ્રાથમિક શાળાઓમાં હાલ કાર્યરત પ્રાથમિક શિક્ષકોના જિલ્લો અલગ થતા આપવાના થતા વિકલ્પ કેમ્પ અને જિલ્લા ફેર બદલી કેમ્પ(ઓફલાઈન/ઓનલાઈન)ની કાર્યવાહી હાથ ધરીએ.
- જિલ્લા ફેર બદલી કેમ્પ(ઓફલાઈન/ઓનલાઈન)ની કાર્યવાહી પૂર્ણ થયા બાદ શિક્ષકોની જિલ્લા ફેર અદલબદલથી થયેલ ફેરફાર થયા બાદ પ્રાથમિક શિક્ષકોના જિલ્લા વાર રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત કરાવીએ.
- જિલ્લાવાર રોસ્ટર રજીસ્ટર પ્રમાણિત થયા બાદ ખાલી રહેલ જગ્યાઓની જિલ્લાવાર તેમજ પ્રાથમિક શાળાવાર જગ્યાઓ પ્રસિધ્ધ કરીએ.
- જિલ્લા/નગર વાર પ્રાથમિક શાળાવાર અંદાજીત સ્થળ નક્કી કરી વેબસાઈટ પર મૂકી શકાય અને જિલ્લા/નગરવાર જગ્યા પસંદગી આપીએ અને શિક્ષણ વિભાગના તારીખ ૨૦/૦૧/૨૦૧૭ના ઠરાવના મુદ્દા નં.૧૦ના પૈરેગ્રાફ–૨ મુજબ આખરી જિલ્લા/નગર શિક્ષણ સમિતિ દ્વારા જગ્યાઓ પર નિમણૂક સાથે ભરતી પ્રક્રિયા પૂર્ણ કરીએ.

ઉક્ત વિગતે આ સાથે દૈનિકપત્રોમાં જાહેરત પ્રસિધ્ધ કરવા માટે જાહેરાતનો મુસદ્દો સામેલ કરેલ છે. જેમાં નીચેની સુચનાઓનો ઉલ્લેખ કરવામાં આવેલ છે.

- જિલ્લા શિક્ષણ સમિતિ/નગર શિક્ષણ સમિતિ હસ્તકની સરકારી પ્રાથમિક શાળાઓમાં વિદ્યાસહાયક (ધોરણ ૧ થી ૫ ગુજરાતી માધ્યમ) ની સીધી ભરતી માટે સરકારશ્રી દ્વારા મંજૂર થયેલ જગ્યાઓના પ્રમાણમાં સંબંધિત

જિલ્લા/નગર શિક્ષણ સમિતિની ખાલી જગ્યાઓ ઉપર નિમણૂંક માટે મેરીટના ધોરણે ભલામણ કરવા શિક્ષણ વિભાગના તા.૧૭/૦૩/૨૦૨૩ના ઠરાવ તેમજ વખતો વખતના સુધારા ઠરાવથી નિયત થયેલ શૈક્ષણિક તેમજ તાલીમી લાયકાતની જોગવાઈઓ અને શિક્ષણ વિભાગના જાહેરનામા ક્રમાંક:GH/SH/૦૨/PRE/૧૧-૨૦૧૬/SF-૬/K તા.૨૦/૦૧/૨૦૧૭ ના પસંદગી પ્રક્રિયાના નિયમોની જોગવાઈ અન્વયે પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી નિયત નમૂનામાં ઓન-લાઇન અરજીઓ મંગાવવામાં આવે છે.

- શિક્ષણ વિભાગના તા.૩૧/૦૩/૨૦૨૬ના પત્રથી મળેલ મંજૂરી અન્વયે આ જાહેરાતમાં માત્ર કુલ જગ્યાઓ દર્શાવેલ છે. સરકારી પ્રાથમિક શાળાઓના પ્રાથમિક શિક્ષકોના જિલ્લાફેર બદલી કેમ્પની કાર્યવાહી પૂર્ણ થયેથી તમામ જિલ્લા/નગર શિક્ષણ સમિતિના રોસ્ટર આધારિત ખાલી જગ્યાની વિગતો મેળવી જિલ્લાવાર તેમજ પ્રાથમિક શાળાવાર જગ્યાઓ પછીથી વેબસાઈટ ઉપર પ્રસિધ્ધ કરવામાં આવશે.
- ઉક્ત ૧૧૦૦૦ જગ્યાઓ પૈકી દિવ્યાંગજનો માટે સામાન્ય વહીવટ વિભાગ દ્વારા નક્કી કર્યા મુજબની ૪ ટકા લેખેની જગ્યાઓ દિવ્યાંગજનોની ખાસ ભરતી ઝુંબેશ અંતર્ગત પ્રથમ પ્રસંગે ન ભરાયેલ જગ્યાઓ પૈકી બીજા પ્રસંગ તરીકે દર્શાવવામાં આવનાર છે. જે જગ્યાઓ માટે સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૦/૧૧/૨૦૨૪ ના ઠરાવમાં બીજા પ્રસંગમાં જણાવ્યા મુજબની પ્રિ યા હાથ ધરવામાં આવનાર છે જેની તમામ ઉમેદવારોએ નોંધ લેવી.
- વધુમાં ઉક્ત પત્રથી મળેલ મંજૂર અન્વયે હાલ જે ઉમેદવારો D.El.Ed. ના છેલ્લા વર્ષમાં અભ્યાસ કરતાં હોય અને ટેટ-૧ પરીક્ષા પાસ કરેલ હોય તેવા ઉમેદવારો હાલ ઉમેદવારી કરી શકશે. આવાં ઉમેદવારોના D.El.Ed. ના ગુણ તથા માર્કશીટ તેઓની D.El.Ed. નું પરિણામ પ્રસિધ્ધ થયેથી ઓનલાઈન ઉમેરવાની છૂટછાટ આપવામાં આવશે.
- ભરતી અંગેનું ઓન-લાઇન અરજી પત્રક વેબસાઇટ https://dpegujarat.in ઉપર તા.૧૫/૦૪/૨૦૨૬ સવારના ૧૨:૦૦ કલાકથી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ બપોરના ૧૫:૦૦ કલાક સુધી ભરી શકાશે.
- શૈક્ષણિક લાયકાત, પગાર-ધોરણ, વયમર્યાદા, વયમર્યાદામાં છુટછાટ, પસંદગી પ્રક્રિયાના નિયમો, સ્વીકારકેન્દ્રોની યાદી, ઓનલાઇન અરજીપત્ર ભરવા માટેની સુચનાઓ અને સામાન્ય સુચનાઓ તેમજ ભરતી સંદર્ભે જરૂરી તમામ ઠરાવો/પરિપત્રો ઉપરોક્ત વેબસાઇટ પર પ્રસિધ્ધ કરવામાં આવનાર છે. તેનો કાળજીપૂર્વક અભ્યાસ કરીને જ અરજી કરવાની રહેશે.
- સ્વીકાર કેન્દ્રમાં અરજીપત્ર જમા કરાવવાની છેલ્લી તા.૨૪/૦૪/૨૦૨૬ ના રોજ ૧૭.૦૦ કલાક સુધી છે. (જાહેર રજાના દિવસ સિવાય)

આ સાથે સામેલ જાહેરાતનો મુસદ્દો માન્ય રહે તો માહિતી નિયામકશ્રીની કચેરીને દૈનિકપત્રોમાં જાહેરાત પ્રસિધ્ધ કરવા માટે મોકલી આપીએ. જે અંગેની જાણ કરતાં પત્રનો મુસદ્દો સામેલ છે મંજૂર રહેથી સહી થવા અન્યથા યોગ્ય તે આદેશાર્થે